ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૬ ટકા
ગાંધીનગર તાપમાન

દિવાળીમાં હોમ મેડ નાસ્તાનો ટ્રેન્ડ

બજાર કરતા ઓછી કિંમતે મળતા તહેવારોના નાસ્તાઓની ડિમાન્ડ વધી : દુકાનોમાં ગ્રાહકોની ઘટ વર્તાશે

ગાંધીનગર, તા.૨૦

દિવાળી પર્વના શુભ અવસર પર ગૃહિણીઓ દ્વારા ઘરે જ વાનગીઓ બનાવવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. ફરસી પૂરી, તીખી પૂરી, સકકરપારા, મેંદાની પૂરી, ચોળાફળી, તીખી સેવ વિગેરે ચટાકેદાર વાનગી માર્કેટનાં મળે જ છે. પરંતુ ગૃહિણીઓ આ વર્ષે તમામ પ્રકારની વાનગી જાતે જ બનાવશે તેવા મૂડમાં છે.

કોરોના મહામારી બાદ મોટાભાગના પરિવારોમાં ઘરના ભોજન અને નાસ્તાનો આગ્રહ વધારે રાખવામાં આવી રહ્યો છે. કોરોનામાં સ્વાદ રસીયાઓએ પોતાની મનગમતી વાનગીઓ અને નાસ્તાઓ પોતાના ઘરે જ બનાવીને પોતાની નવી સ્કીલ ડેવલપ પણ કરી છે. ગૃહિણીઓએ બાળકોને ભાવતા ભોજન બનાવીને બાળકોને બહારના ચટાકેદાર ફાસ્ટ ફૂડથી થોડાક અંશે બાળકોને દૂર કર્યા છે. શહેરમાં વિવિધ હોટલો અને રેસ્ટોરામાં ઓનલાઈન માધ્યમથી જમવાનું તથા તમામ ખાદ્ય ચીજવસ્તુઓ મળી રહી છે. મોટાભાગના નાગરિકો સ્વીગી અને ઝોમાટો કરીને ઘરે જ જમવાનો આગ્રહ કરતા થઈ ગયા છે ત્યારે હોટલો, રેસ્ટોરા, કેફેની જેમ જ શહેરમાં ગૃહિણીઓ એ બિઝનેસ ચાલુ કર્યો છે. જેમાં ભોજનથી લઈ વિવિધ ફાસ્ટ ફૂડની આઈટમો બનાવવામાં આવી રહી છે. જે ગ્રાહકો માટે બેસ્ટ વે છે. કારણકે હોટલો અને રેસ્ટોરાવાળાનો ભાવ દિવસેને દિવસે વધી રહ્યો છે. જયારે આ બિઝનેસ વુમન ગ્રાહકોને પોસાય તેવા ભાવમાં સાત્વિક ભોજન અને હેલ્ધી નાસ્તાઓ બનાવે છે. જેમનો બિઝનેસ સારા પ્રમાણમાં ચાલી રહ્યો છે.

દિવાળી પર્વ નિમિત્તે તહેવારોમાં મળતી વાનગીઓ જેવી કે મઠીયા, ચોળાફળી, સુવાળી, તીખી સેવ, જાડી સેવ, તીખી પુરી, કડક પુરી, સકકરપારા, મીઠા સકકરપારા, તીખા સકકરપારા વગેરે તહેવારોમાં ખવાતી વાનગીઓ ઘરે જ બનાવવામાં આવે છે અને તેના ઓર્ડર લેવામાં આવે છે. દુકાનોમાં મળતા નાસ્તાઓના વધતા જતા ભાવથી ગ્રાહકો પણ મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે આ પર્વે ઘરે બનાવેલા નાસ્તાનો વેપાર વધારે ડિમાન્ડમાં ચાલી રહ્યો છે.

દિવાળીમાં ચોળાફળી અને મઠીયાનો વેપાર સૌથી વધારે થતો હોય છે. જેમાં માર્કેટમાંથી તૈયાર વાનગી લવાતી હતી પરંતુ આ વર્ષે શહેરમાં ઘરેથી બનાવી આપતા વ્યાપારીને ત્યાં ઓડર્સ વધારે જઈ રહ્યા છે. જેમાં દુકાનદારો પણ મોટા પ્રમાણમાં ઓર્ડર આપી રહ્યા છે. તેથી કેટરર્સ તથા ઘરેથી ચાલતા બિઝનેસમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઘરે જ અવનવી વાનગીઓ બનાવવાનો ક્રેઝ કોરોના મહામારીને કારણે મોટાભાગના નગરજનોએ બહારના નાસ્તા ન ખરીદીને પોતાનાથી બને તેટલું જમવાનું અને નાસ્તો ઘરે જ બનાવવાનો નિર્ણય કર્યો છે. જેમાં ખાસ યુવાનો આ વાત જાણીને પોતાની માતા, બહેન, દાદીમાને યુટયુબના માધ્યમથી અવનવી વાનગીઓ બનાવવા માટે પ્રેરણા આપી રહ્યા છે. જેમાં ખાસ ઘરે બનાવેલી પાણીપુરી, ચીઝ કોર્ન, ડ્રાય પનીર સબ્જી, દાબેલી, ઢોંસા, ઈડલી, હોટ ફેવરિટ છે.

તહેવારમાં ગૃહિણીઓ ઘરે જ વિવિધ વાનગીઓ તથા નાસ્તાઓ બનાવવાના મૂડમાં છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૯મી રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૨૧ સ્પર્ધાના વિજેતા જાહેર

ગાંધીનગર, તા.૨૦

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૨૯મી રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૨૧ સ્પર્ધાના વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. ભારત સરકારનાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકનાં નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાનું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવે છે. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાનપણથી જ વિજ્ઞાન પ્રત્યે રસ રૂચી કેળવાય અને તેમનામાં વૈજ્ઞાનિક સંશોધન વૃત્તિ વિકસે તેવા નવીનતમ વિચારોનો ઉદભવ થાય તે છે. ગુજરાતમાં આ સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગરની જુદી જુદી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ ઓનલાઈન-ઓફલાઈન માધ્યમ દ્વારા તેમણે કરેલ સંશોધનો રજૂ કર્યા હતા. જેમાંથી ગાંધીનગર જિલ્લાના પાંચ પ્રોજેકટો રાજય કક્ષા માટે પસંદગી કરવામાં આવ્યા હતા. દિલ્હી પબ્લિક સ્કૂલ કોબામાંથી સીલજીયા ઉપાસના, સ્વસ્તિક હાયર સેકન્ડરી સ્કુલ મોટેરાના અમત દેસાઈ, આર.એન. પ્રાથમિક શાળાના ભાવસાર નમશ્રી, ન્યૂ ગાયત્રી હાયર સેકન્ડરી સ્કૂલના ઉન્નતી પટેલ અને આર.જી. પટેલ કન્યા વિદ્યાલયના હીર પારેખ વિજેતા રહ્યા હતા.

સેકટર-૭ ભારતમાતા મંદિર ખાતે ગરબા મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ભારતમાતા મંદિર સેકટર-૭ ખાતે રાસોત્સવ તેમજ ગરબા મહોત્સવ યોજાયો હતો. જે ડિવાઈન લાઈફ સોસાયટીના વાઈસ પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ દવેના સાંનિધ્યમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં યોગ ગ્રુપના સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. તેમાં ગરબા નવીન રમતો, રેમ્પ વોક તેમજ અંતાક્ષરી જેવા કાર્યક્રમો રાખ્યા હતા. લકી ડ્રો મારફતે ઈનામો પણ એનાયત કરાયા હતા.

સે-૫માં જાહેર સફાઈ બાબતે બેદરકારી રોગચાળો નોંતરશે

સેકટરના કોમન ચોકમાં કચરાના ઢગ તેમજ ઉભરાતી કચરાપેટીઓની સફાઈ બાબતે બેદરકારી : ગંદકીના કારણે દુર્ગંધયુકત વાતાવરણથી રહીશો પરેશાન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં એક તરફ ડેન્ગ્યુ-ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગોએ માથું ઉંચકયું છે અને બીજી તરફ હજુ પણ 'સ્માર્ટ' પાટનગરમાં જાહેર સાફસફાઈ બાબતે ઘણી બધી બેદરકારી સેવાતી જોવા મળી રહી છે. શહેરના સેકટર-૫માં આંતરિક રીંગરોડની નજીક જ કચરાના ઢગ અને ગંદકીના થરને કારણે સેકટરના વસાહતીઓ માથે રોગચાળાનો ભોગ બનવાનો ખતરો મંડાઈ રહ્યો છે. આ સાથે સેકટરમાં સાફસફાઈ કાર્યનું મૂલ્યાંકન કે નિરીક્ષણ કરવા માટે સેનટેરી ઈન્સ્પેકટર કે સુપરવાઈઝર પણ ડોકાતાં નથી તેવો આક્ષેપ સે-૫ વસાહત મંડળના પ્રમુખ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

સેકટર-૫માં જાહેર સ્વચ્છતા બાબતે બેદરકારીનો નમૂનો સે-૫-એના પંચમુખી શિવશકિત મંદિર નજીક જેવા મળી રહ્યો છે. જેમાં મંદિરની પાછળના ભાગે જાહેર કચરપેટી ઘણા દિવસથી ભરાઈ ગઈ હોવા છતાં તેને ખાલી કરવામાં આવતી નથી જેના કારણે આ કચરાપેટીની આસપાસ જ કચરાના ઢગ ખડકાવા લાગ્યા છે. જેની દુર્ગંધથી સમગ્ર વિસ્તારના વસાહતીઓ પરેશાનીનો ભોગ બનવા સાથે ગંદકીના કારણે રોગનો શિકાર બને તેવી શકયતા તોળાઈ રહી છે. આ ઉપરાંત સેકટરના તમામ વિભાગોના કોમનચોકમાં પણ ગંદકીના ઢગ જોવા મળી રહ્યાં છે. ઉભરાતી કચરાપેટીઓ પાસે રખડતાં ઢોર કચરામાંથી ખોરાક શોધવા મથે છે જેના કારણે કચરો વધુ જગ્યામાં ફેલાય છે. સે-૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના જણાવ્યા અનુસાર સફાઈ કર્મચારીઓ દ્વારા તેના સફાઈ કાર્યમાં અને તેમના સેનેટરી ઈન્સ્પેકટર તેમજ સુપરવાઈઝરો દ્વારા સુપરવિઝનમાં બેદરકારી દાખવવામાં આવી રહી છે જે વસાહતીઓના આરોગ્ય માટે જોખમી બની રહી છે.

જેઈઈના વિદ્યાર્થીઓ માટે આઈઆઈઆઈટી-ગાંધીનગર દ્વારા ઓપનહાઉસનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી - આઈઆઈઆઈટી-ગાંધીનગર દ્વારા તા.૨૩મી ઓક્ટોબરના રોજ સાંજે ૬ કલાકે ટેકનોલોજી ક્ષેત્રે એન્જિનિયરિંગમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે લાઈવ જેઈઈ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ચ્યુઅલ ઈન્ટરેક્ટિવ ઈવેન્ટનો ઉદ્દેશ જેઈઈ એડવાન્સ્ડના લાયક વિદ્યાર્થીઓ અને તેમના માતા - પિતાને આઈઆઈઆઈટીમાં વિવિધ એન્જિનિયરિંગ શાખાઓ, વિવિધ કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપવાનો છે અને આઈઆઈઆઈટી સિસ્ટમની આપેલ પસંદગીઓને વધુ સારી રીતે સમજવામાં મદદ કરવા માટે કરવા માટેનો છે. વધુમાં, જો જેઈઈ - એડવાન્સ્ડ રેક ધરાવતા ૧ હજાર કે તેથી વધુ (સામાન્ય ક્રમ યાદી પ્રમાણે) વિદ્યાર્થીઓ આઈઆઈઆઈટી-ગાંધીનગરમાં જોડાય તો સંસ્થા તેમને સંસ્થા ખાતે તેમના અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામના તમામ ચાર વર્ષ માટે સમગ્ર ટ્યુશન ફીની સમકક્ષ શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આઈઆઈટી-ગાંધીનગરના જેઈઈ ઓપન હાઉસ ઈવેન્ટમાં શૈક્ષણિક અને વિદ્યાર્થી બાબતોના ડીન, વિદ્યાર્થી નેતૃત્વ અને સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ ડિરેક્ટર પ્રો. સુધીર કે જૈન દ્વારા એક સત્રનો સમાવેશ થાય છે. ઓપન હાઉસમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ આઈઆઈટીમાં અંડરગ્રેજ્યુએટ શિક્ષણ સાથે સંબંધિત તેમના પ્રશ્નો અને શંકાઓ પર તેમની પાસેથી પ્રાથમિક માર્ગદર્શન મેળવી શકશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણવાયું છે.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ભૂખ્યાંને ભોજન અંતર્ગત ખીચડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦થી વધુ લાભાર્થીઓને ખીચડી આપવામાં આવી હતી. આ પ્રસંગે લાયન્સ કલબ ગાંધીનગરના પ્રમુખ પદમસિંહ ચૌહાણ, મંત્રી વિવેકસિંહ ચૌહાણ અને લાયન સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના સ્પોન્સર ડિસ્ટ્રિકટ ડિરેકટર એન્વાયરમેન્ટ કાલીદાસભાઈ પ્રજાપતિ રહ્યા હતાં.

વિશ્વ એક્સ્પો દુબઈ ખાતે જિલ્લા સ્કાઉટ ગાઈડ કમિશનર ભારતનું પ્રતિનિધિત્વ કરશે

ગાંધીનગર, તા.૨૦

વિશ્વ એક્સ્પો દુબઈ ખાતે ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના જિલ્લા સ્કાઉટ કમિશનર યુવરાજસિંહ વાઘેલા ભારતનું પ્રતિનિધિત્વ કરશે. દુબઈમાં 'એક્સ્પો દુબઈ ૨૦૨૧' વિશ્વની સૌથી મોટી ઈવેન્ટ યોજાવાની છે. ૧ ઓકટોબર થી ૩૧માર્ચ ૨૦૨૨ સુધી સુનિશ્ચિત થયેલ છે. જેમાં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલાની ભારત સરકાર વતી સ્કાઉટ ગાઈડના પ્રતિનિધિ તરીકે પસંદગી થયેલ છે. અગાઉ પણ ભારત સરકાર વતી અમેરિકામાં વર્લ્ડ સ્કાઉડ જામ્બોરીમાં ગયા હતા. અમેરિકામાં તેઓને સ્કાઉટ અમેરિકા સંઘે સ્કાઉટની ઉત્તમ સેવાઓ માટે એવોર્ડથી સન્માનિત કર્યા હતા.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. રાવલ કિરીટકુમાર શિવશંકર,** ઉ.વ. ૭૪, વાવોલ
- **સ્વ. યાદવ ધુળીબેન માસંગજી,** ઉ.વ. ૭૫, ડભોડા
- **સ્વ. ઠકકર ફાલ્ગુની હર્ષદરાય,** ઉ.વ. ૪૪, સેકટર-૨૨
- **સ્વ. રાઠોડ ઈશ્વરભાઈ મેરાભાઈ,** ઉ.વ. ૬૦, વાવોલ
- **સ્વ. ઠાકરડા દશરથજી નાથાજી,** ઉ.વ. ૭૪, ગોલથરા, કલોલ
- **સ્વ. સોલંકી મફાજી મંગાજી,** ઉ.વ. ૮૧, ડભોડા

દિવાળી પહેલા ડ્રાયફ્રૂટના ભાવમાં વધારો

મોંઘવારીના રાક્ષસના પ્રહારથી સૂકામેવા બન્યા કડવા

ગાંધીનગર, તા.૨૦

દિવાળીના પર્વમાં ડ્રાયફ્રુટના ભાવમાં ગત વર્ષની સરખામણીએ ૧૦ થી ૧૫ ટકાનો વધારો થયો છે. આ વર્ષે કોરોનાના કેસમાં ઘટાડો થવાથી વેપારીઓને તહેવારોની આ સિઝન સારી જશે તેવી આશા છે. અફઘાનિસ્તાનમાંથી ડ્રાયફ્રૂટ મોટા પ્રમાણમાં ખરીદવામાં આવે છે. અફઘાનિસ્તાનમાં સ્થિતિ થાળે પડતા દિવાળી બાદ ડ્રાયફ્રૂટના ભાવ ઘટશે તેવી વેપારીઓ આશા રાખી રહ્યા છે.

દિવાળીના તહેવારમાં સૌથી વધારે ડ્રાયફ્રૂટનું વેચાણ થતું હોય છે. વિવિધ મીઠાઈ અને કોર્પોરેટ કંપનીઓમાં ભેટ સ્વરૂપે ડ્રાયફ્રૂટ આપવામાં આવે છે. જો કે ગત વર્ષ કરતાં આ વર્ષે ડ્રાયફ્રૂટના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ભાવ વધારો થયો છે. જો કે અફઘાનિસ્તાનમાં થયેલી સ્થિતિ બાદ જે ભાવ વધ્યા હતા તેમાં થોડો ઘટાડો આવ્યો છે. વેપારીઓ આશા રાખી રહ્યા છે કે આ વખતે દિવાળીમાં સારી ઘરાકી નીકળશે.

તહેવાર ટાણે ગ્રાહકોની ખરીદ શકિતમાં થોડો ઘટાડો થયો છે. ૧ કિલો ડ્રાયફ્રૂટની ખરીદી કરનાર હવે માત્ર ૫૦૦ ગ્રામ ખરીદી કરીને ચલાવે છે. ગત વર્ષે કાજુના ભાવરૂ. ૭૫૦ હતા તેના આ વર્ષે ૮૦૦, બદામના ભાવ ૬૫૦ હતા તેના ભાવ ૭૫૦, કિસમીસના ભાવ ૩૦૦ હતા તેના ભાવ ૩૫૦ થયા છે જયારે અખરોટ અને પિસ્તાના ભાવમાં હજુ કોઈ વધારો થયો નથી. તહેવારોમાં મોંઘવારીનો માર પડતા શહેરીજનો મુશ્કેલીમાં મુકાયા છે. હવે દિવાળી નજીક છે ત્યારે સુકા મેવા ખાવા પણ ભારે પડશે તેમ લાગી રહ્યું છે. અફઘાનિસ્તાનથી અટારી સરહદ મારફત ભારતમાં સૂકામેવાનો અંદાજે રૂ.૨૯૦૦ કરોડનો વેપાર થાય છે. જેમાં બદામ, અંજીર, અખરોટ, કાજૂ, પિસ્તા, દાડમ, મૂલેઠી, સફરજન, દ્રાક્ષ, હીંગ, કેસર, કિસમિસ, તજ સહિત અનેક વસ્તુઓની આયાત થાય છે. આ વખતની દિવાળીના 'ગિફટ બોકસ' ડ્રાયફ્રુટ વગરના થઈ જાય તો પણ નવાઈ નહીં...!!

પેટ્રોલ-ડીઝલ, શાકભાજી, કઠોળ, ફળો અને હવે ડ્રાયફ્રુટસ પણ મોંઘાદાટ થઈ ગયા છે. મોંઘવારીનો માર ખરીદી કરનાર ગ્રાહકો માટે નહિ પરંતુ વેપારીઓને પણ મોંઘવારી નડી રહી છે. વધતા જતા ભાવના કારણે ગ્રાહકોમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. આમ, તહેવારોમાં દરેક વસ્તુઓના ભાવમાં વધારાએ શહેરીજનોની ચિંતા વધારી છે. ડ્રાયફ્રુટના ભાવમાં વધારો થવાથી દિવાળી ટાણે ડ્રાયફ્રુટની ખરીદીમાં ઘટાડો થવાની સંભાવના છે. આ વખતે મોંઘવારીને કારણે ગૃહિણીઓ સૌથી વધુ ચિંતિત છે. ગૃહિણીઓને ચિંતા સતાવી રહી છે કે ઓછા પગારમાં આ વખતે તહેવાર કેવી રીતે મનાવીશું? મોંઘવારીના માહોલમાં તહેવારોની મજા બગડે તેવી ભીતિ સેવાઈ રહી છે.

ડ્રાયફ્રૂટ	ગત વર્ષે	આ વર્ષે
કાજુ	૭૫૦	૮૦૦
બદામ	૬૫૦	૭૫૦
કીસમીસ	૩૦૦	૩૫૦
અખરોટ	૭૦૦	૭૦૦
પિસ્તા	૧૧૦૦	૧૧૦૦

જન્મદિને વધામણી

નિમેષ એમ ચૌહાણ
મો. ૯૪૨૭૧ ૪૩૪૬૬

ગ્રેવિશા જગદીશકુમાર સોની
મો. ૯૪૨૯૨ ૪૫૭૪૧

જૈમિન દિપકકુમાર વાઘેલા
મો. ૭૦૪૧૧ ૨૪૯૫૭

જયના મણિયાર

હિમેશ પ્રજાપતિ
મો. ૯૯૨૫૩ ૮૧૬૧૭

કિના કેતન પટેલ

જાન્હવી



કિતિકાકુમારી મહાવીરસિંહ વાઘેલા
મો. ૯૦૯૯૨ ૭૭૭૯૯